GJSR010029062026

સત્યમેવ જયતે

ફાઈલ તારીખઃ ૦૩/૦૩/૨૦૨૬
દાખલ તારીખઃ ૦૩/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખઃ ૧૦/૦૩/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૭

**મહેરબાન સુરતના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૬૦૮/૨૦૨૬**

**આંક :-**

**અરજદાર :** **ફેનીલ મુકેશ પટેલ**
ઉ.વ. : ૨૬, ધંધો :ખેતી,
રહેવાસી :બામણપુજા,મોટી દમણ,
થાણા પારડી દમણ એન્ડ દીવ.

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી એમ.જી.કોલસાવાલા**

**સામાવાળાના વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા**

**બાબત :-**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૨ મુજબની આગોતરા જામીન અરજ

## -: <u>ચુકાદો</u> :-

(૧) આ કામના અરજદાર સામે ઓલપાડ પો.સ્ટે. પાર્ટ સી ગુ.રજી.નં.૧૧૨૧૪૦૪૨૨૫૧૯૮૫/૨૦૨૬, ગુજરાત પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ),૮૧,૧૧૬ (બી),૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય અને તે ગુનાના કામે પોલીસ તેઓની અટક કરે તેવી અરજદારને દહેશત હોય અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલી જેની હકીકત નીચે મુજબ છે.

(૨) અરજદાર તરફે અરજદારના વિ.વ.શ્રી એમ.જી.કોલસાવાલા નાઓને સાંભળ્યા તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, અરજદાર/ આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. આ કામે બીન વાસર જથ્થો મળેલ છે. અરજદાર સ્થળ ઉપર હાજર મળી આવેલ નથી, બાતમીના આધારે વોન્ટેડ જાહેર કરેલ છે. આ કામે મુદામાલ રીકવર થઈ ગયેલ છે. અરજદાર/આરોપી ખેતી કરે છે. જો તેઓની ધરપકડ કરવામાં આવે તો તેઓની પ્રતિષ્ઠાને ખુબ મોટુ નુકશાન થાય તેમ છે. તેમજ તેઓના કુંટુંબમા, સમાજમાં તેની ખોટી ખસર પડે તેમ છે. આ ગુનાને લગતી સજાની જોગવાઈ જોવામાં આવે તો દશ વર્ષ કરતા વધુની જોગવાઈ નથી. અરજદાર સુરતના સ્થાનીક રહીશગ્ખ્ઘ્ટ્ગ છે,સાથ સહકાર આપશે,કયાય નાશી ભાગી જશે નહી,કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેરે હકીકતે અરજદારની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા ને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ એલ.સી.બી. સુરત ગ્રામ્યના અધિકારી/કર્મચારીઓને બાતમી હકીકત મળેલ કે ''નરથાણ ગામની સીમમાં ધર્મેશભાઈ અમૃતભાઈ આહીરના ખેતરની બાજુમાં કાચા રસ્તા ઉપર જાહેરમાં મોટી દમણ ખાતે રહેતા આ કામના અરજદાર તેના માણસો ધ્વારા એક સફેદ કલરની કિયા સેલ્ટોસ ફોરવ્હીલ કારમાંથી નીચે ઉતરતા હોય તેઓ નજીક જતા તેઓ કિયા કાર લઈને નાશી છુટેલ અને ગુનાવાળી જગ્યાએ જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો જુદા જુદા બ્રાન્ડની દારૂની બોટલ નંગ ૧૩૦૮ કિં.રૂ.૪,૩૬,૮૦૦/- ની મળી આવતા ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપીનુ નામ પ્રથમથી જ એફ.આઈ.આર.માં દર્શાવવામાં આવેલ છે. ફરીયાદી એજન્સી આરોપી/અરજદારના નામ જોગ હકીકત મળેલ અને તે હકીકત આધારે રેઈડ એજન્સીએ રેડ કરતા સફળ રેઈડ કરવામાં આવેલ છે પરંતુ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ સ્થળ ઉપરથી પોલીસને જોઈ નાશી છુટેલ છે. અરજદાર/આરોપી દમણ મુકામે રહેતા હોય તપાસ મંજુરી આધારે તેની તપાસ કરવાની બાકી રહેલ છે અને તેઓ ગુનાના કામે પકડાયેથી અન્ય આરોપીઓ જેમ કે કોને દારૂનો જથ્થો આપવાનો હતો. સ્થળ ઉપરથી નાશી જનાર બે અજાણ્યા ઈસમો કોણ છે ગુનામાં ઉપયોગમાં લેવાયેલ વાહન સફેદ કલરની કીયા સેલ્ટોસના રજીસ્ટ્રેશન નંબર તેના માલીકી બાબતે હકીકત મળે તેમ છે. અરજદાર/આરોપી વિરુધ્ધમા ઈ-ગુજકોપ નામ જોગ તપાસ કરતા સદર નામ વાળા

અરજદાર/આરોપી વિરુધ્ધ અસંખ્ય પ્રોહીબીશનના ગુના દાખલ થયેલ છે. અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓ તેમજ ગુનાની ઉંડાણપુર્વક તપાસ થઈ શકે તેમ છે. તેમજ તપાસ હાલ ચાલુમાં છે જેથી અરજદારની પોલીસ કસ્ટડી તપાસ જરૂરી હોય જેથી અરજદારને આગોતરા જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની અરજી રદ કરવા રજુઆત કરી છે.

(૪) આ કામે બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદાર આરોપીના તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તથા તપાસના કાગળો વંચાણે લીધા. ગુનાની હકીકત ધ્યાને લેવામા આવે તો તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ એલ.સી.બી. સુરત ગ્રામ્યના અધિકારી/કર્મચારીઓને બાતમી હકીકત મળેલ કે ''નરથાણ ગામની સીમમાં ધર્મેશભાઈ અમૃતભાઈ આહીરના ખેતરની બાજુમાં કાચા રસ્તા ઉપર જાહેરમાં મોટી દમણ ખાતે રહેતા આ કામના અરજદાર તેના માણસો ધ્વારા એક સફેદ કલરની કિયા સેલ્ટોસ ફોરવ્હીલ કારમાંથી નીચે ઉતરતા હોય તેઓ નજીક જતા તેઓ કિયા કાર લઈને નાશી છુટેલ અને ગુનાવાળી જગ્યાએ જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો જુદા જુદા બ્રાન્ડની દારૂની બોટલ નંગ ૧૩૦૮ કિં.રૂ.૪,૩૬,૮૦૦/- ની મળી આવતા ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫) આરોપીની હાજરીથી મળેલ મુદામાલ સંબંધેની તપાસ આગળ

વધી શકે તેમ છે. આરોપી સામે અન્ય ગુના નોંધાયેલ છે. તેમજ આવા ગુના કરવાની ટેવવાળા છે. આ કામના અરજદારની ગુનાની તપાસના કામે પોલીસ કસ્ટડી તપાસ કરવી જરૂરી જણાય છે અને જયારે ગુનાની તપાસના કામે પોલીસ કસ્ટડી તપાસ જરૂરી જણાતી હોય ત્યારે આરોપીને આગોતરા જામીન આપી શકાય નહી કારણ કે નામદાર સુપ્રીમ કોર્ટના અવલોકન મુજબ આરોપીને આગોતરા જામીન અને પોલીસ કસ્ટડી બે એકસાથે હોય શકે નહી. આ તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આવે તો આ કામના અરજદારની હાલની આગોતરા જામીન અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના અરજદાર **ફેનીલ મુકેશ પટેલ** ની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૨ મુજબની આગોતરા જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ: ૧૦/૦૩/૨૦૨૬
સુરત.

**(આર.આર.ભટ્ટ)**
બીજા અધિક સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608